# SHRI M.R.D. ARTS AND SHRI E.E.L.K COMMERCE COLLEGE , CHIKHLI
T.Y.B.A.SEM-6
ECONOMICS-PAPER-22(B)
BANKING AND FINANCIAL MARKETS
UNIT-2 નાણાંબજારો

ખુશ્બુ.જે.પટેલ

# પ્રાસ્તાવિક :~

- આધુનિક અર્થવ્યવસ્થા નાણાંબજાર અને મૂડીબજાર ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. કારણ કે દેશના આર્થિક વિકાસમાં તેમની ભૂમિકા ખુબ જ નોંધપાત્ર હોય છે.સરકારની નાણાકીય તેમજ રાજકોષીય નીતિની સફળતાનો આધાર અન્ય પરિબળો સાથે દેશના  નાણાંબજાર અને મૂડીબજારની કાર્યક્ષમતા અને અશરકારક્તા પર રહેલો છે.

- **નાણાંબજારનો અર્થ:**

નાણાંબજાર એટલે ટૂંકી મુદ્દતનું ધિરાણ આપવા અને મેળવવા માટેનું સ્થળ .

પ્રો . ક્રાઉથર નાણાંબજારની વ્યાખ્યા આપતા જણાવે છે કે ,”જુદા જુદા પ્રકારની ટૂંકી મુદ્દતની જામીનગીરીઓની લેવડદેવડ કરતી જુદી જુદી પેઢીઓ અને સંસ્થાઓનું સામુહિક નામ એટલે નાણાંબજાર

- નાણાંબજારનું મહત્વ
- 1.નાણાં ઉછીના આપનાર અને લેનાર વચ્ચે કડી તરીકે કાર્ય કરે છે.
- 2. વિનિમય પત્રો અને કોમર્શિયલ પેપરો વટાવી આપવાનું કાર્ય .
- 3. વેપારી બેંકોને તેમના ટૂંકાગાળાના વધારાના ભંડોળનું રોકાણ કરવાની તક પૂરી પાડે છે .
- 4. સરકારને ટૂંકી મુદ્દતનું ધિરાણ આપે છે .
- 5. નાણાંની હેરફેર સરળ બનાવે છે .

- 6. વેપાર – ઉદ્યોગના  વિકાસમાં  સહાભૂત થાય  છે .
- 7. મધ્યસ્થ બેન્કને  નીતિ ઘડવામાં  સહાયભૂત  થાય  છે .
- 8. વ્યાજના  દરોમાં  પ્રવર્તતા  તફાવતોને  ઘટાડવામાં  મદદરૂપ  નીવડે  છે .
- 9 મૂડીબજારના  વિકાસમા  સહાયભૂત  થાય  છે .
- 10. મૂડીસર્જનમાં  સહાયભૂત થાય  છે.
-

## ▸નાણાંબજાર અને મૂડીબજાર વચ્ચેનો તફાવત

1. સમયની દ્રષ્ટિએ :- નાણાંબજાર અને મૂડીબજાર બંને નાણાં ઉછીના આપે છે , પરંતુ નાણાંબજાર વેપાર તથા ઉધોગ ધંધાના તેમજ સરકારના ચાલુ વ્યવહારો માટે ટૂંકી મુદ્દતનું ધિરાણ આપે છે ,જયારે મૂડીબજાર લાંબાગાળાનું ધિરાણ આપે છે . નાણાંબજાર સામાન્ય રીતે 1 દિવસ થી માંડીને વધુમાં વધુ 1 વર્ષ સુધીની મુદ્દત માટે નાણાં પૂરાં પાડે છે ,જયારે મૂડીબજાર 5વર્ષથી 20 વર્ષ સુધીના નાણાં પૂરાં પડે છે .આ માટે શેર, ડિબેન્ચર બહાર પાડવામાં આવે છે .

- 2. શાખના સાધનોની દ્રષ્ટિએ : નાણાં બજારમાં હુંડીઓ , ટ્રેઝરી બિલ અને સરકારી બોન્ડનો ઉપયોગ થાય છે, જયારે મૂડીબજારમાં ઔધગિક સંસ્થાના શેર અને ડિબેન્ચર પ્રોમીસરી નોટ્સનો ઉપયોગ થાય છે .આવી લાંબી મુદતની જામીનગીરીઓને શેરબજારની જામીનગીરીઓ કહેવામાં આવે છે .

સંસ્થાકીય દ્રષ્ટિએ તફાવત : નાણાંબજાર ટૂંકી મુદતી નાણાંનું બજાર હોવાથી તેમાં કામ કરનારાઓમાં વેપારી બેન્કો હોય છે . જયારે મૂડીબજાર લાંબાગાળાનું ધિરાણ. આપતી હોવાથી તેમાં વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓ દ્વારા લેવડદેવડ થાય છે .ઔધોગિક નાણાં નિગમ , ઔધોગિક વિકાસ બેન્ક વગેરેનો સમાવેશ થાય છે .

- વ્યાજના દરની દ્રષ્ટિએ તફાવત :. નાણાંબજાર ટૂંકી મુદતના નાણાં પાડતું હોવાથી વ્યાજના દર નીચા હોય છે મૂડીબજારમાં લાંબાગાળા માટે નાણાં મળતા હોવાથી વ્યાજના દર ઉંચા હોય છે .

- 5. સ્થળની દ્રષ્ટિએ : મૂડીબજારમાં કામકાજ માટે એક નિશ્ચત સ્થળ શેરબજાર છે . જયારે નાણાંબજારમાં ચોક્કસ સ્થળ હોતું નથી , તેમાં સોદાઓ ટેલિફોન પરની વાતચીત દ્વારા જ થાય છે.

- વિકસિત નાણાંબજારના લક્ષણો :
- 1. કાર્યક્ષમ અને અસરકારક મધ્યસ્થ બેન્કનું અસ્તિત્વ
- 2. સુવ્યવસ્થિત બેન્કિંગ પદ્ધતિ
- 3. પેટાબજારોનું અસ્તિત્વ
- 4. વ્યાજના દરોમાં સમાનતા
- 5. પૂરતા ભંડોળોની ઉપલબ્ધી
- 6. વિશિષ્ટ નાણાકીય સંસ્થાઓનું અસ્તિત્વ

- નાણાંબજારમાં ઉપયોગમાં લેવાતા શાખી સાધનો:
- 1. વાણિજ્ય પત્રો
- 2. ટ્રેઝરી બિલ્સ
- 3. કોમર્શિયલ પેપરો
- 4. ટૂંકી મુદતની સરકારી જામીનગીરીઓ
- 5. હુંડીઓ

- નાણાંબજારના મુખ્ય ઘટકો અને નાણાં બજારની સંસ્થાઓ :

1. કોલ -મની બજાર :- આ બજારમાં ખૂબ જ ટૂંકી મુદતની લોન માટે ધિરાણ આપવામાં આવે છે .હૂંડીનાં દલાલો અને શેર દલાલો ,જેમને ખુબ જ ટૂંકા સમય માટે ધિરાણની જરૂર પડે છે તેઓ આ બજારનો લાભ લે છે .આ બજારમાં સાત દિવસ કરતા વધારે સમય માટે નાણાં ધીરવામાં આવતા નથી .બંકો આ નાણાં ખૂબ જ ટૂંકી નોટિસે પરત મંગાવી સકતી હોવાથી આ પ્રકારના ધિરાણોને કોલ-મની કહેવામાં આવે છે .

2. બિલ બજાર અથવા હૂંડી બજાર:- જે બજારમાં ટૂંકી મુદતના બિલો અને હુંડીઓનું ખરીદ -વેચાણ થાય છે તેને હૂંડી બજાર અથવા બિલબજાર કહેવામાં આવે છે .આવી ટૂંકી મુદતના પત્રો મુખ્યત્વે વિનિમયપત્રો હોય છે .

- 3. ટ્રેઝરી બિલ્સ :- સરકારે ડિસ્કાઉન્ટ સાથે અને બાંધી મુદત માટે બહાર પાડેલી પ્રોમીસરી નોટ્સ ટ્રેઝરી બિલ્સ તરીકે ઓળખાય છે .આ બીલોની પાકતી મુદત 14 દિવસ,91 દિવસ ,182 દિવસ ,કે 364 દિવસ હોય છે .

- 4. સર્ટિફિકેટ્સ ઓફ ડિપોઝીટ :- સર્ટિફિકેટ્સ ઓફ ડિપોઝીટ બાંધી મુદતની થાપણ જેવી છે . માર્ચ 1989 માં ભારતના નાણાંબજારમાં તેની શરૂઆત થઈ હતી . બજારના પરિબળોના આધારે સર્ટિફિકેટ્સ ઓફ ડિપોઝીટ જારી કરવાની માર્ગદર્શિકામાં જરૂરી ફેરફાર થતા રહ્યા છે .

- રેપોબજાર : રેપોરેટ અને રિવર્સ રેપોરેટ

રેપોરેટ દર :- રેપોરેટ એ દર છે જે દરે રિઝર્વ બેંક વેપારી બેન્કોને અતિ ટૂંકા ગાળાનું ધિરાણ આપે છે . આ વ્યવસ્થા જાન્યુઆરી 1992 થી કેન્દ્ર સરકારની જામીનગીરીઓના સબંધમાં દાખલ કરવામાં આવી છે .રેપોરેટમાં વધારો થાય તો વ્યાજદર વધે છે અને રેપોરેટમાં ઘટાડો થાય તો વ્યાજદરમાં ઘટાડો થાય છે .

**રિવર્સ રેપોરેટ દર :-** રિવર્સ રેપોરેટ એ નાણાંબજારમાં પ્રવર્તતો ટૂંકાગાળાનો દર છે જે દરે રિઝર્વ બેન્ક અન્ય બેન્કો પાસેથી ઋણ લે છે. આ વ્યવસ્થા નવેમ્બર 1996 થી દાખલ કર્યો છે જે અન્વયે તે અમુક વ્યાજ દરે હરાજી દ્વારા સરકારી જામીનગીરીઓનું વેચાણ કરે છે .

THANK YOU